## પ્રવચન નં. ૪ શ્લોક-૩ તા. ૧૦-૬-૭૮ શનિવાર જેઠ સુદ પાંચમ સં.૨૫૦૪

સમયસાર ત્રીજો કળશ છે. બે થઈ ગયાને ? ત્રીજો કળશ, નમઃ સમયસારાય એ શ્લોક થઈ ગયો એમાં પણ સર્વજ્ઞપણું સિદ્ધ કર્યું. સર્વભાવાંતરચ્છિદે આવ્યું ને ? ખરેખર તો જીવનો સર્વજ્ઞ સ્વભાવ છે એમાંથી બધી વાતો પ્રસિદ્ધ થાય છે. સર્વજ્ઞ સ્વભાવ છે, ' જ્ઞ ' સ્વભાવ કહો, સર્વજ્ઞ કહો એ સ્વભાવ ને એનું સ્વરૂપ છે. તો સ્વરૂપ છે તો એ પ્રગટ થાય છે. સ્વાનુભૂત્યા ચકાસતે– પોતાની અનુભૂતિની ક્રિયાથી તે સર્વજ્ઞપણું છે, એ પ્રગટ થાય છે. ત્યાંય સર્વજ્ઞપણું સિદ્ધ કર્યું, અનંત ધર્મણસ્તત્ત્વં, માંય સર્વજ્ઞ ( પણું ) સિદ્ધ કર્યું, કેમકે ચૈતન્ય તત્ત્વ જે જ્ઞાયકભાવ, એ બધા ધર્મોમાં પોતામાં વ્યાપક છે. એમ કહીને એને જૈન આત્મતત્ત્વ કહ્યું 'તું ચૈતન્યને.

એ પણ ચૈતન્ય એટલે સ્વભાવ જ્ઞાયક, ' જ્ઞ ' સ્વભાવ એ ' જ્ઞ ' સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, પોતાના સર્વ ધર્મોમાં વ્યાપક છે, એ પણ ત્યાં જ એ સિદ્ધ કર્યું, સ્વરૂપ સર્વજ્ઞ અને પ્રગટ સર્વજ્ઞ.

અહીંયા તો વિચાર શું આવ્યો વિશેષ કે સર્વજ્ઞ સ્વભાવ છે, એ ફકત જાણનાર દેખનાર એનો સ્વભાવ છે. એટલે આ ક્રમબદ્ધ જે કહેવાય છે ક્રમબદ્ધ એ ક્રમબદ્ધનો નિર્ણય છે એ અકર્તાપણામાં થાય છે, કરવું નથી એને, જાણવું છે, ક્રમસર પર્યાય થાય છે દ્રવ્યની પોતાની પણ એમાં એનું કર્તૃત્વ નથી, ક્રમસર થાય એને કર્તૃત્વ શું કરવું ( શું ) ? એમાં પણ અકર્તાપણું સિદ્ધ કરી અને અસ્તિથી એ પણ જ્ઞાતાપણું જ સિદ્ધ કર્યું છે. ત્યાં પણ સર્વજ્ઞ સ્વભાવી, પ્રગટ પર્યાયમાં સર્વજ્ઞ અને શક્તિરૂપ સર્વજ્ઞ એ સિદ્ધ કર્યું છે. કેમકે જ્યાં પર વસ્તુ કે પોતાની પર્યાયનું કે રાગાદિનું કરવું નથી જ્યાં, ત્યાં અકર્તાપણું છે, એટલે કે જ્ઞાતાપણું છે. એ જ્ઞાતાપણાનો સ્વભાવ એનો અનુભવ થવો એ સમ્યગ્દર્શન અને એનું પ્રગટપણું પર્યાયમાં થવું સર્વજ્ઞ સ્વભાવનું, એ સર્વજ્ઞ દેવ સ્વરૂપ છે, અને એ સર્વજ્ઞને, સ્વરૂપ સર્વજ્ઞ છે એને પ્રગટ કરવાને સાધે છે, સ્વાનુભૂત્યા એ ગુરુ છે. એમાં દેવ આવ્યા, ગુરુ આવ્યા અને એમની જે વાણી છે એ શાસ્ત્ર છે, પણ અહીં વાણી ને ટીકાની વ્યાખ્યા છે. આહાહાહા ! સમજાય છે ? એ વાણી જે છે સર્વજ્ઞની એ વાણીમાં પણ સર્વજ્ઞપણું જ સિદ્ધ કરવું છે પરનું અકર્તાપણું અને સ્વનું જ્ઞાતાપણું, એ સિદ્ધ કરવું છે.

હવે એ વાણી કેવી છે અને એ વાણીથી હું ટીકા કરું છું, તો એ ફળને ચાહે છે, તો ક્રમબદ્ધ છે ને ફળને ચાહે છે ? એનો અર્થ જ એ છે કે મારું સ્વરૂપજ.. કહેશે

( मालिनी )

परपरिणतिहेतो र्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्य व्याप्तिकल्माषितायाः।
मम परम विशुद्धिः र्भवतु
शुद्ध चिन्मात्रमूर्ते समयसारव्याख्ययैवानुभूतेः।।३।।

આહા ! ન્યાંય શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ કહીને સર્વજ્ઞ સ્વરૂપી જ આત્મા છે એમ સિદ્ધ કર્યું છે. આહાહા ! એ કહે છે જુઓ ત્રીજા શ્લોકમાં ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે સમયસાર વ્યાખ્યા એવ. આ સમયસાર નામ શુદ્ધ આત્મા વાચ્યરૂપે, અને વાચકરૂપે ગ્રંથનું કથન સમયસાર વ્યાખ્યા એવ ' એવ ' શબ્દ પડયો છે, સમયસાર એટલે શુદ્ધાત્મા, સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ શુદ્ધાત્મા, આહાહા ! અથવા ગ્રંથ, શબ્દો, સમયસાર આત્મા અથવા સમયસારના શબ્દો, એની કથની અને ટીકાથી જ, ભાષા એવી છે, એવ શબ્દ છે ને ? વ્યાખ્યા ' એવ ' કથની ને ટીકાથી જ મારી અનુભૂતિ, અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ થાઓ. આહાહા !

હવે એક કોર એમ કહેવું કે ટીકા કરવામાં તો વિકલ્પ છે. પંડિતજી ! ટીકા કરવામાં કારણ કે ટીકા છે એ તો શબ્દો છે અને પરદ્રવ્યછે. એ ટીકા કરવાથી જ મારી પરમ વિશુદ્ધિ થાઓ, એમ કહીને પર્યાયમાં અશુદ્ધતા છે. હું મુનિ છું છતાં હજી ત્રણ કષાયનો અભાવ હોવા છતાં વિકલ્પ છે એમ સિદ્ધ કરે છે. ટીકા કરવાનો વિકલ્પ આવ્યો છે એ વિકલ્પ છે. આહાહા ! એ ટીકાથી જ એનો અર્થ એ કે ટીકામાં મારું વલણ તો સર્વજ્ઞને સિદ્ધ કરવાનું છે. અને મારી એ વખતની ( દૃષ્ટિ ) ધ્રુવમાં મારું ધ્યેય છે એ સર્વજ્ઞ સ્વરૂપી છે એમાં મારું ધ્યેય છે, અને પ્રગટ કરવાની પર્યાય છે એ સર્વજ્ઞ છે, તો મારું ટીકાના કાળમાં, ભલે ટીકા થઈ ત્યારે કેવળ થયું નથી એને, વાત તો એવી છે ટીકા એવ પરમ વિશુદ્ધિ ભવતુ ટીકા થઈ ગઈ છતાં પરમ વિશુદ્ધિ કેવળ થયું નથી. છતાં નિર્મળતા થઈ છે અને નિર્મળતા થશે, મારું ધ્યેય દ્રવ્ય ઉપર છે, ચૈતન્ય વસ્તુ છે. એ સર્વજ્ઞ સ્વરૂપી એ બોલશે કહેશે. ' શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ ' શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ ત્રીજું પદ છે ને ? ત્રીજાનું છેલ્લું પદ હું તો શુદ્ધ જ્ઞાયક માત્ર મૂર્તિ છું. આહાહાહાહા !

સર્વજ્ઞ ' જ્ઞ ' સ્વભાવ, ચિન્ જ્ઞાન સ્વભાવ મૂર્તિસ્વરૂપ જ મારું છે. શુદ્ધ ચિન્માત્ર, સર્વજ્ઞચિન્માત્ર, સર્વજ્ઞ સ્વભાવ માત્ર મારું સ્વરૂપ છે, દ્રવ્યદૃષ્ટિએ તો હું આવો જ છું. આહાહા ! ચિન્માત્ર મૂર્તિ જ્ઞાન. ભાષા તો જુઓ. ઓહોહો ! ગાથા દીઠ જ્ઞાનની પૂર્ણતાને અંદર વર્ણવી છે. જેમ ઓલી શક્તિનું વર્ણન કર્યું છે ને ! જીવતર –ચિત્તિ તો દરેકમાં જ્ઞાન છે. જીવતર, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય વિ. ઓહોહો ! કારણકે જ્ઞાન વિના બીજી ચીજને પણ જાણશે કોણ ? પોતાના અનંતા ગુણો છે ભલે, પણ એ ગુણને જાણશે કોણ ? જાણનાર તો જ્ઞાન છે. બીજા ગુણો કાંઈ જાણતા નથી. આહાહા ! હું તો એક ચિન્માત્ર મૂર્તિ પ્રભુ છું. આહાહા ! બધા ગુણોનો અને મારા ગુણનો જ્ઞાનનો એ અને જગતના દ્રવ્ય ગુણ પર્યાય બધાનો હું તો જાણનાર માત્ર દ્રવ્ય છું. આહાહા ! પણ આ ટીકાથી જ " મમ અનુભૂતિ " " મારી અનુભૂતિ, શુદ્ધ પરિણતિની પરમ વિશુદ્ધિ, " એટલે એમ કેમ કહ્યું ? કે અનુભૂતિ છે તો ખરી ' પરમ વિશુદ્ધિ ' શબ્દ વાપર્યો છે ને ? આહાહા !

પરમ વિશુદ્ધિ. ઓહો ! શુદ્ધિ છે. વસ્તુ છું એ દ્રવ્યદૃષ્ટિએ કહેશે આગળ. ચિન્માત્ર મૂર્તિ છું એ તો દ્રવ્યે છું. અને પર્યાયમાં પણ અનુભૂતિ તો છે. આહાહાહા ! એ સ્વભાવને અનુસરીને અનુભવ અને અનુભૂતિ– પરિણતિ નિર્મળ છે, એટલું સિદ્ધ કર્યું.

પણ પછી, મારી અનુભૂતિની પરિણતિની પરમ વિશુદ્ધિ, વિશેષ શુદ્ધિ, ' સમસ્ત રાગાદિ

રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા ' પરમ છે ને ? એટલે ઉત્કૃષ્ટ નિર્મળતા થાઓ. ભલે ટીકા વખતે પૂરણ નિર્મળતા થઈ નથી પણ એ ટીકાના કાળમાં મારું ધ્યેય તો સર્વજ્ઞ શક્તિ સ્વભાવ ઉપર જ છે. એથી મારી શુદ્ધિ મારા ધ્યેયને કારણે, શુદ્ધિ વધતી જાય છે. ધ્યેયમાંથી મારી દૃષ્ટિ ખસતી નથી. આહાહા ! તેથી તેને ટીકા કરતાં મારી વિશુદ્ધિ થાઓ એમ હું કહું છું. પણ એનો અર્થ એ કે ટીકાના કાળમાં મારી પરમ વિશુદ્ધિ થાઓ. પંડિતજી, આવી વાતો. આહાહા ! દિગંબર સંતોના કળશો શ્લોકો ગજબ વાત છે. આહાહા ! એક એક વાતમાં કેટલી વાત સમાડી દે છે. આહાહા ! અને પાછી મારી કીધી, મારી અનુભૂતિ પર્યાય પરિણતિ, શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છું– એ પછી કહેશે. મારી અનુભૂતિમાં અશુદ્ધિ છે એ પછી કહેશે. અહીં તો પહેલું અનુભૂતિ, પરમ વિશુદ્ધિ પરમ શુદ્ધિ, રાગ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા થાઓ. આહાહા !

સંતો ( ને ) અંતરના ત્રણ કષાયના અભાવની અનુભૂતિ તો વર્તે છે, અને તેના ધ્યેયમાં પૂર્ણ સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ એ તો દૃષ્ટિમાં વર્તે જ છે. આહાહા ! મારું ધ્યેય તો એ છે. પણ આ ટીકા કરવાની વૃત્તિ થઈ છે કે આ શાસ્ત્રના ભાવો છે, એ વિશેષ સ્પષ્ટ થાય એવો ભાવ– વિકલ્પ આવ્યા કરે છે, એથી ટીકાના કાળમાં, અહીં પાઠ તો એવો છે. ટીકા એવ, વ્યાખ્યા એવ, ટીકાથી જ, તો ટીકાથી જ, તો ટીકા તો શબ્દ છે. પણ શૈલીનો આશય એમ છે, એ વખતે મારું આ સ્પષ્ટ કરવાની જે ટીકા થશે એમાં મારું જોર તો અંદરના શુદ્ધ દ્રવ્ય ઉપર જોર વર્તે છે, એથી મને વિશુદ્ધિ તો છે મને, વિશુદ્ધિ નથી એમ નહીં પણ પરમ વિશુદ્ધિ થાઓ. આહાહા ! એમ કહીને પોતાનો સાધક સ્વભાવ, ટીકાના કાળમાં વધશે, નિશ્ચયથી વધશે એમ કહે છે. આહાહાહા !

ભગવાનને પૂછ્યું નથી કે ટીકા કરતી વખતે મને પરમ વિશુદ્ધિ વધશે કે નહીં ? આહાહા ! ( પોતે પોતાના ભગવાનને પૂછ્યું ) એ આત્માનો જે સ્વભાવ ' જ્ઞ ' સ્વભાવ અને જેણે બીજા બધા ગુણોને પ્રસિદ્ધ કર્યા છે, એવો જે જ્ઞાન સ્વભાવ, બીજા ગુણોને પ્રસિદ્ધ કર્યા છે, પ્રગટ કર્યા છે એમ નહીં. છે તેમ જણાવ્યા છે. આહાહા ! એવો જે મારો જ્ઞાન ભાવ, એ પછી કહેશે. એ શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ તે હું છું. વસ્તુ તો આ હું છું. પણ મારી વિશુદ્ધિ નિર્મળ છે પર્યાય, એમાં પરમ વિશુદ્ધિ પર્યાયમાં થાવ–એવો મારો નિશ્ચય ભાવ છે. અને એમ થાય જ છે એમ. આહાહાહા !

બીજી રીતે કહીએ તો પરમ વિશુદ્ધિ થાઓ ! મારી શુદ્ધિ અપ્રતિહત છે. આહાહા ! મારી અનુભૂતિ છે એથી વધશે જ. આહાહા ! શું ચૈતન્યની અનુભવની બલિહારી ! અને ચૈતન્યના પૂરણતાના સ્વભાવના સામર્થ્યની ચમત્કૃતિ !! આહાહા ! આરે પ્રભુ ! આમાં ક્યાં તકરાર, ઓલા કહે કે નહીં ક્રમબદ્ધ નથી. ક્રમબદ્ધ માનનારા એકાંત ઝેર છે, અરે પ્રભુ ! સાંભળ ભાઈ ! પ્રભુ ! તું સર્વજ્ઞ સ્વરૂપી છો કે નહીં નાથ ! આહાહા ! તું કોણ છો ? તું કેટલો છો ? કેવડો છો ? તું જો, જેવડો છો એવડો તને ખ્યાલમાં આવે, તો ક્રમબદ્ધ, અકર્તાપણું અને જ્ઞાતાપણું સિદ્ધ થઈ જાય છે એમાં. આહાહા !

નિયતવાદ થઈ જાય છે આમાં. પણ નિયતવાદ છે એની સાથે પાંચેય વાદ છે, પાંચેય સમવાય છે. સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા ને કાળલબ્ધિ ને ( નિમિત્તનો અભાવ ) બધું છે. અહીંયાં તો જે વસ્તુ હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છું, એવું જે મને ધ્યેયમાં ભાસ્યું છે વસ્તુ, ( દ્રવ્ય ) એ તો એમ જ રહેવાનું, પણ શુદ્ધિ જે છે એ શુદ્ધિ પણ મારા ટીકાના કાળ વખતે શુદ્ધિની વૃદ્ધિ

થશે. આહાહાહા ! ભવતુ કહે છે ભાઈ ! ગજબ છે પ્રભુ ! આહા ! મુનિઓની ગાથા અને કડી !! આહાહા ! અરે દિગંબર સંતો ક્યાં છે જગતમાં ભાઈ ! આહાહા ! ( સ્વભાવકાભી જ્ઞાન, અશુદ્ધતાકા ભી જ્ઞાન, શુદ્ધતાકા ભી જ્ઞાન ) એવું છે. આહાહા ! મારા દ્રવ્યનું પણ ભાન, મારી શુદ્ધિ થઈ છે એની પણ ખબર છે, અને શુદ્ધિ વધશે એમ જ મને ખબર છે. એમાં ખરેખર તો શુદ્ધિ વધશે એમ કહેતા હું આ ભાવે જ, સમ્યગ્દર્શન ને જ્ઞાનના ભાવે જ, હું પૂરણ કેવળજ્ઞાન લેવાનો છું. આહાહા ! એવો મારા પ્રભુનો પોકાર છે, એમ કહે છે. ચૈતન્ય પ્રભુ ! પૂરણ સ્વભાવથી ભરેલો અનંતા ગુણોને પણ એક ગુણ એક સમયમાં જાણનારો, એવો સર્વ ગુણને જાણનારો અને સર્વને જાણનારો, એવો મારો પ્રભુ સર્વજ્ઞ સ્વભાવ, એ મને બેઠો છે. વિશ્વાસમાં સમ્યગ્દર્શનમાં એ વાત બેસી ગઈ છે. વર્તમાનમાં પણ શુદ્ધ પરિણતિ એ ઉપરાંત સ્વના આશ્રયથી સમ્યક્ત્વ છે અને એથી સ્વના વિશેષ આશ્રયથી મારી શુદ્ધિ પણ છે. આહાહા ! અને હજી પણ એથી વિશેષ આશ્રય થશે અને શુદ્ધિ થશે જ. આહાહાહા ! શું મંગળિક ( શુદ્ધિ પ્રગટે. એને જ મંગળિક કહેવાયને ) આહાહાહા !

'પરમવિશુદ્ધિ' વિશુદ્ધિ શબ્દ ઘણો વપરાય છે. વિશુદ્ધિ તો શુભનેય વપરાય છે, શુદ્ધનેય વપરાય છે, દ્રવ્યનેય વપરાય છે. વિશુદ્ધિ શબ્દ દ્રવ્યમાંય વપરાય છે, ગુણમાં વપરાય છે, નિર્મળ પર્યાયમાં પણ વપરાય છે, અને મલિન પર્યાયમાં પણ શુભમાં-વિશુદ્ધિ ( શબ્દ ) વપરાય છે. પંડિતજી ! આહાહાહા ! પણ મારી આ પરમવિશુદ્ધિ તો તદ્દન નિર્મળ છે જ, એ નિર્મળતા વધી જશે. આહાહા ! પરમ વિશુદ્ધિ સમસ્તનો અર્થઃ સમસ્ત રાગાદિ વિભાવ પરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા થાઓ. હવે કહે છે એ પરિણતિ છે, કઈ રીતે છે ? અશુદ્ધતા હોં, કેમકે વિશુદ્ધિ થાઓ એમ કહ્યું, ત્યારે હજી અશુદ્ધિ છે, વિશુદ્ધિ પણ છે અને અશુદ્ધિ પણ છે, વિશુદ્ધિ પ્રગટ, પ્રગટ વિશુદ્ધિ પણ છે અને પ્રગટ અવિશુદ્ધિ પણ છે, નહીં તો વિશુદ્ધિ પૂરણ પ્રગટ થાઓ એમ ક્યાંથી આવ્યું ? એટલે અશુદ્ધિ પણ છે. આહાહાહાહા ! ત્રણ કષાયનો અભાવ( છે ) એ મુનિરાજ પોતે- આહાહા ! અરે મને પણ હજી અશુદ્ધિ છે, એ અનાદિની છે ઈ છે. અશુદ્ધિ ગઈ ' તી ને થઈ છે નવી એમ નથી-એ અશુદ્ધિનો અંશ એ અનાદિનો છે મારે. આહાહા !

કેવી છે તે પરિણતિ ? અશુદ્ધ, " પરપરિણતિહેતોર્મોહનામ્નોડનુભવાત્ " પરપરિણતિનું કારણ, છે તો પરિણતિ વિકારી-એથી પરપરિણતિ કહેવામાં આવે છે. સ્વરૂપની પરિણતિ નથી શુદ્ધ. આહાહા ! પર પરિણતિનો હેતુ, હેતુ શબ્દ છે ને ? આહાહા ! હેતુ શબ્દ છે. પરપરિણતિ હેતુ. એનું કારણ એમ, હેતુ એટલે કારણ, મારામાં જે વિકારનો અંશ છે. આહાહા ! એક કોર નિયમસારમાં એમ કહે કે જરી રાગ છે મુનિને, વળી એમ કહે કે મુનિની દશા અને કેવળમાં ફેર માને એ જડ છે એમ કહે છે એક કળશમાં નિયમસારમાં, જરી રાગનો અંશ છે એને ગૌણ કરી નાખીને, આહાહા ! કારણ કે એને નીકળી જવાનો છે. એથી મુનિ અને કેવળમાં કાંઈ ફેર નથી, ફેર માને એ જડ છે, આહાહા ! એમ કહ્યું છે હોં ! એ કળશ છે. આહાહા ! અરે સંતોની તો બલિહારી છે ને !! જેણે કેવળજ્ઞાન રાખ્યા છે ઉભા. આહાહા ! પંચમકાળમાં કેવળજ્ઞાનના કેડાયતોએ કેવળજ્ઞાન ઉભું રાખ્યું છે. આહાહાહા ! અને ત્યાં સુધી કીધું છે ને પ્રવચનસારમાં જેમણે મોક્ષમાર્ગ સાધ્યો છે એને અમે મોક્ષ કહીએ છીએ કહે છે. પ્રવચનસારની છેલ્લી પાંચ

ગાથા છે. છેલ્લી પાંચ ગાથા છે પાંચ રતન છે. પાંચ ગાથા, પાંચ રતન. આહાહા ! પણ અહીંયા જરી અશુદ્ધતા છે એટલું ખ્યાલમાં રાખ્યું છે. બિલકુલ પર્યાય શુદ્ધ જ થઈ ગઈ છે, એમ નથી. વસ્તુ છું એ તો પૂરણ શુદ્ધ છે. આહાહા ! પણ મારી પર્યાયમાં હજી અશુદ્ધતા થોડી છે, શુદ્ધતા છે અને અશુદ્ધતાનો અંશ છે–આહાહા !

એ પરપરિણતિનો હેતુ મોહ નામનું કર્મ છે. નિમિત્ત, તેના અનુભાવ ઉદયરૂપ વિપાકને લીધે એના વિપાકને લઈને. આહાહા ! એને લઈને નહીં હોં. પણ એના વિપાકમાં મારું જોડાણ થયું એને લઈને, એ તો નિમિત્ત કીધુંને ? તો નિમિત્ત અહીંયા કાંઈ કરતું નથી; નહીંતર નિમિત્ત કહેવાતું નથી પણ એનો પાક ત્યાં નિમિત્તમાં આવ્યો, મારી પોતાની પરિણતિ જરી નબળી કમજોરી એટલે અંદર જોડાઈ જાય છે. આહાહા !

ઓહો ! કેવળી સર્વજ્ઞ પરમાત્મા એની ધર્મ કથા એની વાણી ગણધરો ને ઇન્દ્રો વચ્ચે કહી હશે ! આહાહાહા ! સાક્ષાત્ જાણે સિદ્ધ પદ ઉપરથી ઉતર્યું હોય એવી વાણી નીકળતી હશે ત્યાં. આહાહા ! અહીંયા કહે છે મુનિ, એકકોર એમ કહે છે કે સમકિતીને બંધ અને આસ્રવ હોય નહીં, આવે છે ? સમ્યગ્દષ્ટિને આસ્રવ અને બંધ હોય નહીં, એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ વાત છે. ( ભોગ નિર્જરાનું કારણ છે ) એકકોર એમ કહે છે. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, ત્યાં તો એની દૃષ્ટિના જોરની અપેક્ષાએ વાત કરી છે અને સમકિતીને આસ્રવ ને બંધ નથી એ તીવ્ર મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નથી. અહીંયા મુનિ કહે છે કે મારે પણ હજી અશુદ્ધતાનો અંશ છે આહાહા ! કેમ ? કે એ મોહ કર્મનું નિમિત્ત છે એને લઈને ' અનુભાવ્ય–વ્યાપ્તિ કલ્માષિતાયાઃ ' અનુભાવ્ય– રાગાદિ પરિણામોની વ્યાપ્તિ મારામાં મારાથી છે, આહાહા ! મોહકર્મ તો નિમિત્ત છે. પણ પર્યાયમાં વિકારની વ્યાપ્તિ મારી કમજોરીને લઈને અનાદિની છે, ઈ છે. ભલે મુનિપણું પ્રગટયું છે, સમકિત પ્રગટયું છે, એ સમકિત હવે કેવળજ્ઞાન લીધે જ છૂટકો છે, પણ આ પરિણતિ છે અનાદિની હજી અશુદ્ધ ઊભી છે થોડી, આહાહાહા ! એ અમારા ખ્યાલ બહાર નથી. આહાહા !

પંચમઆરાના સંતો, આહાહા ! કહે છે કે એ અવિરતમ્ અનુભાવ્ય વ્યાપ્તિ આહાહા ! રાગાદિ પરિણામોની વ્યાપ્તિ અવિરતમ્ નિરંતર છે ને ? આહાહા ! એકકોર પ્રભુ શુદ્ધ પૂરણ દ્રવ્ય છે, પરિણતિ– પર્યાયમાં આનંદ અને પરિણતિ શુદ્ધ વર્તે છે, છતાં ત્યાં હજુ એક અશુદ્ધ પરિણતિ નિરંતર વર્તે છે. આહાહા ! કારણકે અશુદ્ધ પરિણતિ ગઈ હોય અને ફરીથી થાય એમ તો હોતું નથી, અશુદ્ધની પરિણતિ અનાદિની છે એ જો નાશ થઈ ગઈ હોય તો તો ફરીને થાય નહીં. અનાદિની પરિણતિ વસ્તુના સ્વભાવનો અનુભવ હોવા છતાં, નિર્મળ પરિણતિ કેટલીક હોવા છતાં, પૂરણ નથી માટે નિરંતર કલ્માષિતાયાં– કલુષિત પરિણતિ છે મારે. આહાહા ! ( નિરંતર વર્તે છે ) આહાહા ! છે ને ?

અવિરતમ્ નિરંતર કલ્માષિત, આહાહા ! મેલી છે. અનુભાવ્ય વ્યાપ્તિ કીધીને, એનાથી વ્યાપ્ત છું. આહાહા ! કર્મ તો નિમિત્ત માત્ર છે, પણ મારી પરિણતિમાં અશુદ્ધતાનો અંશ છે હજી. અનાદિનો એ અંશ છે. અનાદિનો અંશ છે એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ ટળી ગયા નથી એમ નહિ એ ટળી ગયા છે. ત્રણ કષાય અને મિથ્યાત્વ ( ટળી ગયા ) છે. પણ આ છે એ

અનાદિની પરિણતિ છે આ તો. ગઈ 'તી ને થઈ છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આવો માર્ગ વીતરાગનો બહુ બાપુ. આહા !

અનુભાવ્ય, એ મારી જ વાત છે એમ કહે છે, અનુભાવ્યમાં. અનુભાવ કર્મનો, અનુભાવ કર્મનો નિમિત્ત, અનુભાવ્ય મારી પરિણતિ, મારી પરિણતિમાં અનુભાવ્ય મારા લઈને વ્યાપ્ત છે એમ કહે છે. આહાહા ! અનુભાવ એ નિમિત્ત છે અનુભાવ્ય એ પોતાની અશુદ્ધ પરિણતિ છે સાથે, આહાહા ! નિરંતર મેલી છે, આહાહા ! એક કોર એમ કહે જ્યાં ત્યાં આધાર આપે છે સમકિતીને આસ્રવબંધ નથી. સમકિતીને આસ્રવ બંધ નથી. કઈ અપેક્ષાએ ભાઈ ! એને મિથ્યાત્વ ને અનંતાનુબંધીનું મૂળ સંસાર છે તે આસ્રવ બંધ નથી. બીજો આસ્રવ હજી છે ચોથે ત્રણ કષાય, પાંચમે બે, છઠ્ઠે એક–આહાહા ! અરે દસમા ( ગુણસ્થાન ) સુધી હજી રાગનો અંશ અને આસ્રવ છે.

એક કોર દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે, એને આશ્રયે શુદ્ધ પરિણતિ પણ થઈ છે. પણ પૂરણ મારો આશ્રય એ નથી. તેથી કર્મનું નિમિત્ત જે અનુભાવ એમાં મારું લક્ષ જાય છે, આશ્રય થાય છે. આહાહા ! અહીં ( સ્વમાં ) આશ્રય પૂરો નથી એટલે અહીં ( પરમાં ) આશ્રય જાય છે. પણ એ મારા પુરુષાર્થની નબળાઈને લઈને એ રાગનું વ્યાપ્તપણું છે. આહાહા ! એ કર્મને લઈને નહીં. એમ મલિનતાનો અંશ જરીયે નથી એમ નહીં. આરે ! હવે આવી વાતું છે. સ્વામી કાર્તિકૈયમાં તો ત્યાં સુધી કહ્યું છે એક ઠેકાણે કે સમકિતી વસ્તુ તરીકે, પ્રભુ તરીકે સ્વીકારે છે પોતાને, પણ સમકિતી પર્યાયમાં તૃણ તુલ્ય પામર માને છે, ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં ચારિત્ર દશા, આહાહા ! અને ક્યાં આ મારી એક અને અનંતાનુબંધીના મિથ્યાત્વ અભાવની પરિણતિ, હું પામર છું. આહાહા ! તૃણ તુલ્ય છું એવો પાઠ છે સ્વામી કાર્તિકેય ( ગ્રંથમાં ) તરણ તૃણ તૃણ તનીક તરણા તુલ્ય ! ક્યાં પ્રભુ કેવળજ્ઞાન અને ક્યાં હું ? એક કોર પૂરણ છું દ્રવ્યે, એક કોર તૃણ તુલ્ય પર્યાયમાં છું. આહાહા ! એ મારું લક્ષ છે અને તેને ટાળવા માટે મારો પ્રયત્ન ટીકા કરવામાં છે. આહાહા ! જો કે ટીકાને કરવાનો કાળ આવ્યો છે પણ નહીંતર એને ટાળવાના પ્રયત્નમાં જ હું છું. અંતરના સ્વભાવ સન્મુખ થવામાં જ મારી પ્રયત્ન દશા છે પણ હવે આ ટીકાનો કાળ આવ્યો છે તેથી કહું છું કે ટીકાથી મારી પરમ વિશુદ્ધિ થજો. આહાહાહા !

નિરંતર, કોનાથી ? અનુભાવ મોહકર્મને લીધે. વ્યાપ્તિ કલ્માષિતાયાઃ મેલી છે. આહાહા ! મુનિરાજ કહે છે કે મારી પર્યાયમાં મલિનતા છે. આહાહાહા ! એક સંજવલનનો રાગ, સંજ્વલનનો ચોથા કષાયનો પણ મેલ છે. આહાહા ! પાઈએ પાઈનો હિસાબ છે અહીં તો. લોકો નથી કહેતા પાઈ–પાઈનો હિસાબ, આહાહા ! એમ જેટલું ત્રિકાળ શુદ્ધ છે એ પણ છે, પરિણતિ શુદ્ધ છે એ પણ છે, અને અનુભાવ્ય કર્મના નિમિત્તમાં જોડાણ જે કાંઈ છે એ નિરંતર કલ્માષિત પણ છે. આહા ! વસ્તુ તો જેમ છે એમ એણે યથાર્થ જોવી જોઈ ( એ ) ને ? આઘી પાછી, ઓછી અધિક, વિપરીત એમ ન હોય. આહાહા ! ( સમ્યગ્જ્ઞાન તભી કહેલાયેગા ) ઓછી, અધિક, વિપરીત ( વિના ) બરાબર તુલના કરના.

" અને હું કેવો છું ? " જોયું, ઓલી મારી પરિણતિ એમ કીધી 'તી. આહાહા ! મારી પરિણતિ પહેલી એમાં મમ્ અનુભૂતિ એમ હતું નિર્મળમાં અને એની હારે જરીક પર પરિણતિ

હેતુ મોહ નામ્નો અનુભાવાત છે- થોડી પરિણતિ અશુદ્ધ છે. આહાહા ! પણ હું કેવો છું ? આહાહા ! વસ્તુ તરીકે હું કેવો છું ? પરિણતિમાં કેટલીક શુદ્ધતા છે ઘણી, અને થોડી અશુદ્ધ છે. હું કેવો છું ? આહાહા ! મારું મોજૂદગીપણું કેવું. કેવડું છે ? " શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ " શુદ્ધ જ્ઞાન માત્ર સ્વરૂપ, શુદ્ધ જ્ઞાનમાત્ર સ્વરૂપ " દ્રવ્ય દૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ સ્વરૂપ " એમ. શુદ્ધ ચૈતન્ય માત્ર મૂર્તિ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ મૂર્તિ એટલે સ્વરૂપ શુદ્ધચૈતન્ય સ્વરૂપ વસ્તુ દૃષ્ટિએ તો ત્રિકાળ. આહાહાહા ! શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ, એકલો સર્વજ્ઞ સ્વભાવ સ્વરૂપ મારું છે. આહાહા ! સર્વજ્ઞ શક્તિ છે ને એમાં એટલે હું તો શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ સ્વરૂપ જ છું ચિન્માત્ર- પૂરણ ચિન્ જ્ઞાનમાત્ર મારું સ્વરૂપ છે. હું તો એ છું. આહાહા ! મારી પરિણતિ પર્યાય દૃષ્ટિ મેં કીધી પર્યાયદૃષ્ટિ પણ વસ્તુ દૃષ્ટિએ તો હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છું. આહા ! બેય નયને સમાડી છે. આહાહા !

શુદ્ધ ચિન્માત્ર ! ખુલાસો કર્યો. દ્રવ્ય દૃષ્ટિથી એમ ખુલાસો કર્યો, શું કે ઓલું પર્યાય દૃષ્ટિએ અનુભાવ્ય હતો ને એટલે જરી ખુલાસો કર્યો. વસ્તુ છું. એ તો એને દ્રવ્ય દૃષ્ટિથી કહો કે વસ્તુ છું કહો, વસ્તુથી તો હું શુદ્ધ ચિનમાત્ર મૂર્તિ સ્વરૂપ છું. વસ્તુ તો ચિન્ જ્ઞાન માત્ર ચેતના સ્વભાવ પૂરણ સ્વરૂપ માત્ર મારી ચીજ છે. અપૂર્ણતા નથી, અશુદ્ધતા નથી. આહાહા ! સંયોગ નથી સંયોગી ભાવ વિકાર નથી, પણ અલ્પજ્ઞની પર્યાય પણ હું નથી. આહાહા ! પર્યાયથી અશુદ્ધતા મારામાં છે એમ કહ્યું. આહાહા ! વસ્તુ તરીકે, શુદ્ધ જ્ઞાન માત્ર સ્વરૂપ, શુદ્ધ જ્ઞાન માત્ર સ્વરૂપ ( છું ) આહાહા ! અહીંયા સર્વજ્ઞ સિદ્ધ કર્યું પાછું. એ વસ્તુ જ્ઞાન સ્વરૂપ જ છે. જ્ઞાનને પછી વિશેષણ લગાડો તો સર્વજ્ઞ જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ એ વિશેષણ લગાડો તો શુદ્ધ ચિન્માત્ર સ્વરૂપ, સર્વજ્ઞ સ્વભાવ માત્ર સ્વરૂપ, આહાહા ! એવી ચીજ હું ત્રિકાળ છું. શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ, મૂર્તિ એટલે સ્વરૂપ, મૂર્તિ એટલે અહીં વર્ણ ગંધ રસ સ્પર્શવાળી મૂર્તિનું અહીં કામ નથી. શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વરૂપ, ત્રિકાળ જ્ઞાયકભાવ, શુદ્ધ જ્ઞાન ભાવ, પૂરણ સ્વભાવ ભાવ એ મારું સ્વરૂપ છે. આહાહાહા ! એક શ્લોકે કેટલું કહ્યું છે. આહાહાહા ! જુઓને, સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. સંતોએ સહેલો કરી નાખ્યો છે. ( શ્રોતાઃ- આપ ભી સહેલા કરતે હો વર્તમાનમેં ) એ શબ્દાર્થ થયો.

ભાવાર્થઃ- આચાર્ય કહે છે, આચાર્ય છે ને ! અમૃતચંદ્ર આચાર્ય છે મુનિ છે ને, આચાર્ય છે. આહાહા ! એ પણ કહે છે કે મારી પરિણતિમાં અશુદ્ધતા થોડી છે હોં. આહાહાહા ! મારા લક્ષ બહાર નથી કે હું શુદ્ધ જ થઈ ગયો. બસ મારે બધી અશુદ્ધતા જે આવે એ નિર્જરી જાય છે એમ નથી. અશુદ્ધતા આવે એટલી મલિન દશા થાય છે, અને એટલો બંધ પણ થાય છે. જેમાં મોહ નિમિત્ત છે અનુભાવ અને અહીં અનુભાવ્ય વ્યાપ્ત મારાથી છે. એમ અશુદ્ધતા મારાથી છે અને કર્મનો થોડો બંધ થાય છે, એમાં અશુદ્ધતા નિમિત્ત છે. આહાહા ! વિશેષ જાણવાની આમાં ઓલી ( જરૂર ) નથી, પણ વિશેષ રુચી અને પરિણતિનું જ્ઞાન એ ઉપર જોર છે અહીંયા તો, દૃષ્ટિનું જોર ધ્રુવ ઉપર અને પરિણતિની પર્યાયના બે ભાગ, શુદ્ધ અને અશુદ્ધ એનું જ્ઞાન યથાર્થ વર્તે છે. આહાહાહા !

આચાર્ય કહે છે કે શુદ્ધ ચિન્માત્ર મૂર્તિની વ્યાખ્યા કરી, " શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ, "

તો હું, શુદ્ધ દ્રવ્યનું જેને પ્રયોજન છે જે જ્ઞાનમાં, શુદ્ધ પૂરણ દ્રવ્ય સ્વભાવ, જ્ઞાયક વીતરાગ સ્વભાવ શુદ્ધ ધ્રુવ ત્રિકાળ એકરૂપ એવું જે નયનું પ્રયોજન છે, શુદ્ધ દ્રવ્યનું આર્થિક, આર્થિક એટલે પ્રયોજન, શુદ્ધ દ્રવ્યનું જેને પ્રયોજન છે એવું જે જ્ઞાન એટલે નય, એની દૃષ્ટિએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. આહાહાહા ! સમ્યગ્દૃષ્ટિ માત્ર એ બધા, હું શુદ્ધ ચિન્ માત્ર છું એમ દ્રવ્યને માને છે. પર્યાયમાં ફેર છે ચોથે, પાંચમે, છઠ્ઠે એ જુદી વાત છે. આહાહા ! " જેવું સમકિત તિર્યંચનું એવું સમકિત સિદ્ધનું " સમકિતમાં ફેર નથી, ચારિત્રમાં અસ્થિરતામાં ફેર છે. આવે છે ને ' રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ ' ટોડરમલમાં આવે છે. જેવું સમકિત તિર્યંચનું એવું સમકિત સિદ્ધનું ચિઠ્ઠિ ( માં ) આવે છે ને ? રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ એમાં આવે છે

અહીં કહે છે હું શુદ્ધ દ્રવ્યના પ્રયોજનની દૃષ્ટિથી તો શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું, પરંતુ આવી ચીજ હોવા છતાં અને દૃષ્ટિમાં એ ( ચીજ ) આવી છે છતાં, મારી પરિણતિ મોહ કર્મના ઉદયનું નિમિત્ત પામીને, મેલી છે નિમિત્ત છે એ તો, આહાહાહા ! આચાર્ય એમ કહે છે કે હજી મને મેલી દશા છે, એમ કહે છે એવો વિકલ્પ ઊઠે છે જરી એટલી મેલી છે, એમ ગર્વમાં ચડી ન જઈશ કે સમકિત થઈ ગયું માટે હવે બસ કાંઈ નથી, બંધેય નથી ને રાગેય નથી, એમ કરીશમાં બાપા. આહાહા !

મોહ કર્મના ઉદયનું નિમિત્ત પામીને ( પરિણતિ ) મેલી છે, રાગાદિ સ્વરૂપ થઈ રહી છે. આહાહા ! એક કોર એમ કહ્યું મોક્ષમાર્ગ પ્રકાશકમાં કે મુનિને અશુભભાવ તો છે જ નહિ. આવે છે ને ? પહેલા, અશુભભાવ છે જ નહિ, ફક્ત ધર્મના લોભીને દેખીને શુભભાવ આવે, આવે છે ને એમાં ? પણ એ શુભભાવ આવે એ પોતાના પુરૂષાર્થની કમજોરી છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે શરૂઆતમાં. આહાહા ! કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને ? શુભભાવ હોય ત્યારે ઉપદેશ ચાલે એમ કે. અશુભ તો છે જ નહિ. અને એક બાજું એમેય કહે કે છઠ્ઠે ગુણસ્થાને હજી આર્તધ્યાન છે લેશ્યા ત્રણ કહે. તેજો, પદ્મ ને શુક્લ છઠ્ઠે ગુણસ્થાને લેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત નહીં, એ નહીં, ત્રણ શુદ્ધ કહે અને એક કોર ધ્યાનના ચાર ભાગ પાડતાં આર્તધ્યાનનો ભાગ હજી છઠ્ઠે છે. આહાહાહા ! કષાયનો અંશ છે ને, એટલું આર્ત છે. એટલો ચૈતન્ય શુદ્ધ પ્રાણ પીડાય છે.

" રાગાદિસ્વરૂપ થઈ રહી છે " તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ " શુદ્ધ આત્માનું કહેવાનું રૂપ આમાંથી કોઈ એમ પકડે કે જુઓ આપણે ગમે તેવો ઉપદેશ દઈએ તો આપણને કોઈ બંધ છે જ નહિ, એમ નહીં. છદ્મસ્થને ઉપદેશમાં રાગ આવે છે, વિકલ્પ છે, કેવળીને નથી. તે તો વિકલ્પ વિના વાણી નીકળે છે, નિયમસારમાં પાછળ ( લખ્યું છે ).

અહીંયા કહે છે," શુદ્ધ આત્માની કથની જે આ સમયસાર ગ્રંથ છે તેની ટીકા કરવાનું ફળ, તેની ટીકા કરવાનું ફળ એ ચાહું છું કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ. " ટીકા કરવામાં પરદ્રવ્ય ઉપર લક્ષ છે. અને એક કોર એમ કહે કે પરદ્રવ્ય ઉપર લક્ષ હોય તો રાગ થયા વગર રહે જ નહીં. પરદવ્વાઓ દુગ્ગઈ એમ કહ્યું છે, મોક્ષ પાહુડમાં ૧૬મી ગાથા. તો અહીં તો ટીકા, ટીકા તો શબ્દો છે, પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો રાગ તો છે પણ એના ઉપર જોર ન દેતાં સ્વભાવના ધ્યેય ઉપર જોર કરીને, આ ટીકાથી, છે ને ? તેનું ફળ ચાહું છું કે " મારી પરિણતિ રાગાદિ રહિત શુદ્ધ થાઓ, " આ અપેક્ષા છે. આહાહા ! એક કોર ઉપદેશનો વિકલ્પ ઊઠે

છે એ રાગ છે, એટલું બંધન છે, પરદ્રવ્ય તરફનો આશ્રય છે રાગની દિશા પર તરફ છે, રાગની દશા મેલી છે. આહાહાહા !

મારી પરિણતિ રાગાદિ રહિત થઈ જાઓ, ‘ મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ. ’ એનો અર્થ જ એ કે શુદ્ધ પ્રાપ્તિ થશે જ. આહાહાહા ! શું વાણી ! આહાહા ! શુદ્ધ પ્રાપ્તિ થાઓ, “ બીજું કાંઈ પણ ખ્યાતિ, કે હું ટીકા કરું છું તો મારી આબરુ વધે. ઓહોહો ! કે જો ટીકા કરી આમણે, એ કાંઈ લક્ષ નથી મને ખ્યાતિ, લાભ, કાંઈક માનનો પ્રશંસાનો લાભ મળે. ઓહોહો ! અભિનંદન આપે, ભારે ટીકા કરી તમે એ કાંઈ અમે ચાહતા નથી બાપુ અમારું એ કામ નથી અહીંયા. આહાહા ! આવી ટીકા આત્મખ્યાતિ જેવી, અત્યારે હિન્દુસ્તાનમાં બીજે તો નથી દિગંબરમાં પણ આ ટીકા શાસ્ત્રમાં છે એવી ટીકા બીજે ઠેકાણે નથી. એવી ટીકા, એવી ટીકા. ઓહોહો ! અને જેનું નામ આત્મખ્યાતિ– આત્મ પ્રસિદ્ધિ– આત્માને પ્રસિદ્ધ કરીએ છીએ. આહાહા ! આહાહા ! લાભ, પૂજાદિ ચાહતો નથી. પૂજાએ ચાહતો નથી. આચાર્ય છું માટે એમ કહે, ઓહો ! બહુ તમે બહુ જબરા હોં આવડત છે અમે કાંઈ ચાહતા નથી બાપુ ! અમને તો ટીકાના કાળમાં અશુદ્ધતા થોડી છે એ જાઓ, બીજી કોઈ ચાહના નથી. આહાહા !

‘ આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞા ગર્ભિત ’ ટીકા કરવાની આ શાસ્ત્રની ટીકા કરવાની પ્રતિજ્ઞા લીધી. એના ગર્ભિત “ એના ફળની પ્રાર્થના કરી લ્યો ”– એ શ્લોક થયો લ્યો.

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તો પણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું. જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છુટકો. ૩૫૯. ( પરમાગમસારમાંથી )